**નિર્દેશ: પ્રત્યેક પ્રશ્નના ચાર વિકલ્પો છે. પ્રત્યેક પ્રશ્નનો ફક્ત એક જ જવાબ સાચો છે. એમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને એને ઘાટો કરો.OMR શીટના સંબંધિત વર્તુળને ઘાટું કરો.**
**ફકરો વાંચીને નીચેના પ્રશ્નો ક્રમ 1 થી 5 ના જવાબ આપો.**

વ્યવહાર સાથે પરમાર્થને શી રીતે જોડવો, ચોતરફ ચાલતી દુનિયાદારીના પ્રચંડ વિગ્રહની વચમાં ઊભા રહી પ્રભુભક્તિ શી રીતે કરવી એ પ્રશ્ન હંમેશાં વિકટ ગણાયો છે. પણ વર્તમાન સમયમાં તો એ ઘણાને તદ્દન અસમાધેય જ લાગે છે. કેટલાક મનુષ્યમાં ધનની તૃષ્ણાનો વાયુ પુષ્કળ બહેકી રહ્યો હોય છે તેમને માટે તો કદાચ એમ કહી શકાય કે તેઓ પ્રભુનું સ્મરણ કરતા નથી એ એમની ભૂલ છે. પણ જે મનુષ્યોને સામાન્ય ગુજરાન માટે ઘર અને બજારનાં વૈતરાં કરવાં પડે છે તેમની પાસે પ્રભુભક્તિની શી આશા રાખી શકાય? બેશક, જો પ્રભુ જ નિત્ય અને સાચો ઠરે અને આ દુનિયા ક્ષણભંગૂર અને મિથ્યા ઠરે તો પ્રભુ સામે કોઈ પણ સ્વાર્થને ટકવાનો હક્ક નથી. પણ આ દુનિયા જેવી સત્ય અને અનિવાર્ય લાગે છે તેવો પ્રભુ જ્યાં સુધી નથી લાગતો ત્યાં સુધી તો આ દુનિયાના વ્યવહારને જ પ્રાધાન્ય આપવું જોઈએ. આથી વર્તમાન સમયમાં ધર્મ પ્રત્યે સામાન્ય જનોમાં અનેક તરહના ભાવો જોવામાં આવે છે.

કેટલાક તો ધર્મને ડાહ્યાની સભામાં ગાંડો આવ્યો હોય તેમ પોતાના ડાહ્યાડમરા દુનિયાદારીના વિચારોની મોગલાઈ સભામાંથી હસીને હાંકી કાઢે છે! કેટલાક એ બિચારાને સભામાં છેલ્લે એક ખૂણે બેસાડી મૂકે છે. અને એ ડાહ્યાઓની સભામાં એને જરાયે બોલવાનો હક્ક તો શેનો હોય? કેટલાકે મનુષ્યહૃદયના ભાવોમાં એની ઉત્કૃષ્ટતા સ્વીકારી છે; પણ એ તો જાણે વારેતહેવારે ઘડી બે ઘડી પહેરવાનાં કપડાં હોય એમ સમજીને.

1. આ ફકરામાં 'સમાધાન ન થઇ શકે તેવું' એ શબ્દસમૂહ માટે કયો એક શબ્દ યોજવામાં આવ્યો છે?
   (1) સમાધેય
   (2) અસમાધેય
   (3) સમયમાં
   (4) સામાન્ય

2. 'ધનની તૃષ્ણાનો વાયુ બહેકી રહ્યો છે' - વિધાનમાં કયો અલંકાર છે?
   (1) ઉત્પ્રેક્ષા
   (2) અનન્વય
   (3) રૂપક
   (4) ઉપમા

3. 'ક્ષણભંગૂર' શબ્દનો અર્થ સમજાવતો વિકલ્પ કયો?
   (1) ક્ષણમાં જ ભાંગી જાય તેવું
   (2) ક્ષણમાં જ ભાગી જાય તેવું
   (3) ક્ષણમાં અલોપ થાય તેવું
   (4) ક્ષણમાં જ પલળી જાય તેવું

4. 'દુનિયાદારી' એક શબ્દ માટે કયો શબ્દસમૂહ સાચો છે?
   (1) દુનિયાની જવાબદારી લેવી
   (2) જગતના દેવાદાર બનવું
   (3) દુનિયા જેની દાર છે તે
   (4) જગતના વ્યવહારની રીત

5. 'વિકટ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો.
   (1) સરળ
   (2) પ્રગટ
   (3) મુશ્કેલ
   (4) ભારે

6. 'ગ્રહણ વખતે સાપ નીકળવો' કહેવતનો સાચો અર્થ શોધો
   (1) મોટું પરાક્રમ કરવું
   (2) મુશ્કેલીમાં વધારો થવો
   (3) પ્રપંચ કરવો
   (4) બળતામાં ઘી હોમવું

7. સાચો સંધિવિગ્રહ શોધો : સન્યાસી
   (1) સન્ + ન્યાસી
   (2) સ + નિ + યાસી
   (3) સન્નિ + આસી
   (4) સમ્ + નિ + આસી

8. અડખેપડખે – શબ્દનો સમાસ ઓળખાવો.
   (1) કર્મધારય
   (2) દ્વંદ્વ
   (3) મધ્યમપદલોપી
   (4) બહુવ્રિહી

9. નીચેનામાંથી શુદ્ધ વાક્ય જણાવો.
   (1) રાજા, રાણી અને કુંવર ગયા
   (2) વર્ગનો એક એક વિદ્યાર્થી ગયો
   (3) મતદારો મતદાન આપવા ગયા
   (4) સહકુટુંબ સાથે પધારશો

10. નીચેના તળપદા શબ્દના શિષ્ટરૂપનું કયુ જોડકું ખોટું છે?
   (1) લૈ-લવણ
   (2) ભાળ-પત્તો
   (3) ભાળવું-જોવું
   (4) મેલો-ગંદો



PariksaPath · pariksapath.in

11. 'સત્યવાદી' શબ્દનો સમાસ ઓળખાવો.

(1) દ્વંદ્વ
(2) ઉપપદ
(3) બહુવ્રિહી
(4) દ્વિગુ

12. નીચેના શબ્દોમાંથી સાચી જોડણીવાળો શબ્દ શોધો.

(1) સ્તુતિ
(2) સ્તૂતિ
(3) સ્તુતી
(4) સ્તૂતી

13. આપેલ શબ્દોમાંથી 'સર્વનામ' દર્શાવતો શબ્દ શોધો.

(1) સોનું
(2) કજિયાખોર
(3) તમે
(4) મૃદુતાથી

14. 'એક હાથે તાળી ન પડે' કહેવતનો અર્થ આપો.

(1) સહકાર વિના કામ ન થાય
(2) છૂટથી કામ કરો
(3) સહકાર વિના કામ થાય
(4) કામ સરળતાથી થવું

15. સાચો સંધિવિગ્રહ શોધો : વક્રોક્તિ

(1) વક્ર + ઉક્તી
(2) વક્ર + ઉક્તિ
(3) વક્રા + ઉક્તિ
(4) વક્ર + ઊક્તિ

16. નીચેનામાંથી સાચી જોડણીવાળું શબ્દજૂથ શોધો.

(1) જયંતિ, વીટામીન
(2) વિરુદ્ધ, હરીફાઈ
(3) શરૂવાત, શારિરીક
(4) જન્મટિપ, શિર્ષક

17. નીચેનામાંથી કોનો અવ્યયીભાવ સમાસમાં સમાવેશ થતો નથી?

(1) પ્રતિભાવ
(2) સપ્તપદી
(3) યથાઋતુ
(4) પ્રત્યેક

18. તળપદા શબ્દ 'નકર'નું શિષ્ટ રૂપ આપો.

(1) નહોતો
(2) નખરા
(3) નહિતર
(4) નક્કર

19. 'શોભાનો ગાંઠિયો' રુઢિપ્રયોગનો અર્થ શોધો.

(1) ગાંઠિયાને ગોઠવવા
(2) ઉપવાસ કરવો
(3) નાસ્તો કરવો
(4) કશું ઉપયોગી નહીં

20. સંધિ છૂટી પાડો : મધ્યાહ્ન

(1) મધ્ય + આહન
(2) મધ્યા + આહ્ન
(3) મધ્ય + અહ્ન
(4) મધ્યા + અહ્ન

21. 'ઉનાળામાં વાતો ગરમ પવન' શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો.

(1) પાલખ
(2) ગરમાળો
(3) લૂ
(4) વિઝણી

22. 'સંચય' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો.

(1) વ્યય
(2) રોકાણ
(3) સંગ્રહ
(4) જમા

23. 'અરુણચિત્ર' શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો.

(1) માથાનું ચિત્ર
(2) આખા શરીરનું ચિત્ર
(3) કમરથી નીચેના ભાગનું ચિત્ર
(4) કમરથી ઉપરના ભાગનું ચિત્ર

24. 'દંડ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો.

(1) પુરસ્કાર
(2) નજરાણું
(3) શિક્ષા
(4) સજા



PariksaPath · pariksapath.in

25. 'હૈયે હૈયું દળાવું' રુઢિપ્રયોગનો અર્થ શોધો.
(1) દયા ખાવી
(2) કસોટી કરવી
(3) મનમેળ થવો
(4) સખત ભીડ હોવી

26. નીચેનામાંથી કયુ સર્વનામ જુદું પડે છે?
(1) અમારું
(2) તમને
(3) અમને
(4) અમારો

27. નામને સ્થાને પ્રયોજાતું પદ કયું છે?
(1) સર્વનામ
(2) ક્રિયાપદ
(3) વિશેષણ
(4) ક્રિયાવિશેષણ

28. ઉપનિષદનાં પુસ્તકો વિશ્વવિખ્યાત છે. - રેખાંકિત પદનો સમાસ ઓળખાવો.
(1) કર્મધારય
(2) ઉપપદ
(3) તત્પુરુષ
(4) બહુવ્રિહી

29. 'થૂ થૂ કરવું' રુઢિપ્રયોગનો અર્થ શોધો.
(1) ખાવું
(2) પીવું
(3) ધિક્કારવું
(4) થૂંકવું

30. 'વરતવું' શબ્દનો શિષ્ટ અર્થ શોધો.
(1) અનુસરવું
(2) પાછા ફરવું
(3) ઓળખવું
(4) વર્તન કરવું

31. 'નીરવ' શબ્દ માટે શબ્દસમૂહ શોધો.
(1) અવાજ વિનાનું
(2) ભાર વિનાનું
(3) ઊંડાણ વિનાનું
(4) ઊંચાઈ વિનાનું

32. 'સર્જન' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો.
(1) લીલા
(2) વિસર્જન
(3) સંસ્કારી
(4) ડૉક્ટર

33. નીચેનામાંથી સાચી જોડણીવાળું શબ્દજૂથ શોધો.
(1) શીરીશ, પીપરમીટ
(2) દીલગીરી, નિતિશ
(3) મરીચિકા, તીતીઘોડો
(4) ગ્રહસ્થ, પ્રલ્હાદ

34. 'પાણકો' શબ્દનું શિષ્ટ રૂપ શોધો.
(1) માટી
(2) ડુંગળી
(3) પાણી
(4) પથ્થર

35. 'કોઈનાથી નહી જિતાયેલું' શબ્દસમૂહ માટે એક શ
શોધો.
(1) અજિત
(2) પરાજિત
(3) અજર
(4) અમર

36. 'મંદ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો.
(1) સક્રિય
(2) અમંદ
(3) ધીમું
(4) તેજ

37. પદક્રમની દૃષ્ટિએ ખોટું વિધાન શોધો.
(1) તેની આંખોમાં કપટ નહોતું
(2) ખાઈ એમની જિંદગીમાં પડી ગઈ
(3) મને સંકલ્પો તૂટે એનું દુઃખ નથી
(4) આ તરફ પીળા રંગનો પટ્ટો દેખાય છે

38. 'દેવ એ દેવ અને દાનવ એ દાનવ' વાક્યમાં કયો અલં
છે?
(1) અનન્વય
(2) ઉત્પ્રેક્ષા
(3) રૂપક
(4) ઉપમા



PariksaPath · pariksapath.in

39. 'યોગી' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો.
(1) ભોગી
(2) સાધુ
(3) લોભી
(4) સન્યાસી

40. 'ભારે ચિંતા થવી' એવા અર્થવાળી કહેવત પસંદ કરો.
(1) જીવ બગાડવો
(2) જીવ ઉંચો થઈ જવો
(3) જીવ ટૂંકો હોવો
(4) જીવ મળવો

41. 'ઢીમ ઢાળી દેવું' રુઢિપ્રયોગનો અર્થ શોધો.
(1) કરપીણ હત્યા કરવી
(2) બેસી રહેવું
(3) થીજી જવું
(4) આગળ વધવું

42. પદક્રમની દૃષ્ટિએ કયુ વિધાન સાચું નથી?
(1) મને રસ્તામાં વ્રજ મળી ગયો.
(2) મળી ગયો મને રસ્તામાં વ્રજ.
(3) રસ્તામાં મને વ્રજ મળી ગયો.
(4) વ્રજ મને રસ્તામાં મળી ગયો.

43. નીચેના પૈકી કઈ કહેવત 'ધીરજથી સારું કામ થાય છે' એવો અર્થ આપતી નથી?
(1) ઉતાવળે આંબા ન પાકે
(2) ધીરજનાં ફળ મીઠાં
(3) પાકે ઘડે કાંઠા ન ચઢે
(4) ઉતાવળા સો બાવરા ધીરા સો ગંભીર

44. 'કોઈ આવી રહ્યું છે' વાક્યમાં 'કોઈ' કયા પ્રકારનું સર્વનામ છે?
(1) અનિશ્ચયવાચક
(2) પ્રશ્નવાચક
(3) દર્શક
(4) પુરુષવાચક

45. ભાષાશુદ્ધિની દૃષ્ટિએ કયુ વિધાન સાચું છે?
(1) રાધિકાનાં લગ્ન વહેલાં થઈ ગયાં
(2) હરીશને અભિનંદન પાઠવ્યા
(3) હું તારી, પેલા પહોંચીશ
(4) શિક્ષકે તેના ઘણા વખાણ કર્યા

46. સંધિ જોડો : સુખ + ઇપ્સા
(1) સુખેપ્સા
(2) સુખીપ્સા
(3) સુખેપ્ષા
(4) સુખાપ્સા

47. 'તેની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વરસવા લાગ્યો' - વાક્યમાં કયો અલંકાર છે?
(1) વ્યાજસ્તુતિ
(2) અતિશયોક્તિ
(3) સ્વાભાવોક્તિ
(4) અન્યોક્તિ

48. 'આણે મને માર્યો' વાક્યમાં 'આણે' કયા પ્રકારનું વિશેષણ છે?
(1) દર્શક
(2) પ્રશ્નવાચક
(3) પુરુષવાચક
(4) અનિશ્ચયવાચક

49. 'ઘરડાં ગાડાં વાળે' કહેવતની વિરોધી અર્થની કહેવત જણાવો.
(1) ભસતો કૂતરો કરડતો નથી
(2) માસ્તર મારે ય નહી ને ભણાવેય નહીં
(3) પગ જોઇને પાથરણું પાથરવું
(4) સાઠે બુદ્ધિ નાઠે

50. 'વાતોનાં વડાં કરવાં' રુઢિપ્રયોગનો અર્થ શોધો.
(1) આજ્ઞા આપવી
(2) નકામી લાંબી વાત કરવી
(3) વાતો કરતાં કરતાં નાસ્તો કરવો
(4) બનતી મહેનત કરવી


PariksaPath · pariksapath.in

**નિર્દેશ: પ્રત્યેક પ્રશ્નના ચાર વિકલ્પો છે. પ્રત્યેક પ્રશ્નનો ફક્ત એક જ જવાબ સાચો છે. એમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને એને ઘાટો કરો.OMR શીટના સંબંધિત વર્તુળને ઘાટું કરો.**

51. ભારતમાં વર્ષ 2025 ના 'પદ્મ પુરસ્કાર' માટે કુલ કેટલા મહાનુભાવોની પસંદગી કરવામાં આવી?
(1) 113
(2) 139
(3) 07
(4) 19

52. સુરત જિલ્લાનું કયું ગામ ગુજરાતનું પ્રથમ ઇકો વિલેજ બન્યું છે?
(1) ધોકડવા
(2) ધ્રોણાજ
(3) ધણેજ
(4) ધજ

53. તાજેતરમાં ASTRA MK- III – મિસાઈલનું નામ બદલીને શું કરવામાં આવ્યું?
(1) ગાંડિવ
(2) પિનાક
(3) ત્રિશુલ
(4) બ્રહ્માસ્ત્ર

54. તાજેતરમાં ભારતીય સેનાના પૂર્વીય કમાન્ડ મુખ્યાલય "ફોર્ટ વિલિયમ"નું સત્તાવાર રીતે નામ બદલીને શું રાખવામાં આવ્યું છે?
(1) વિજય વિલાસ
(2) વિજય ભવાની
(3) વિજય ભારત
(4) વિજય દુર્ગ

55. તાજેતરમાં ગુજરાતનું પ્રથમ જૈવવિવિધતા વારસો સ્થળ જાહેર કર્યું છે. તે ક્યા જિલ્લામાં સ્થિત છે?
(1) કચ્છ
(2) ભાવનગર
(3) વડોદરા
(4) અમદાવાદ

56. તાજેતરમાં કબડ્ડી વર્લ્ડ કપ – 2025નું આયોજન કયા દેશમાં થયું હતું?
(1) ઇંગ્લેન્ડ
(2) જાપાન
(3) ભારત
(4) પાકિસ્તાન

57. APAAR ID તાજેતરમાં સમાચારમાં રહ્યું હતું. તે કઈ પહેલનો ભાગ છે?
(1) એક રાષ્ટ્ર, એક વિદ્યાર્થી ID
(2) વન પ્રોડક્ટ, વન ડિસ્ટ્રીક્ટ
(3) વન નેશન, વન ઇલેક્શન
(4) ડિજિટલ ઇન્ડિયા મિશન

58. ભારતનું પ્રથમ સફેદ વાઘ સંવર્ધન કેન્દ્ર કયા રાજ્યમાં આવેલું છે?
(1) ગુજરાત
(2) ઝારખંડ
(3) મહારાષ્ટ્ર
(4) મધ્ય પ્રદેશ

59. IIFA એવોર્ડ 2025માં સૌથી વધુ એવોર્ડ કઈ ફિલ્મને મળ્યા છે?
(1) ભૂલ ભૂલૈયા
(2) આર્ટીકલ 370
(3) લાપતા લેડીઝ
(4) શૈતાન

60. ગુજરાતમાં કયા સ્થળે ત્રિભુવન સહકારી યુનિવર્સીટીની સ્થાપના કરવામાં આવશે?
(1) જૂનાગઢ
(2) આણંદ
(3) અમદાવાદ
(4) પાટણ

61. તાજેતરમાં 38 મી "નેશનલ ગેમ્સ"- 2025નું આયોજન કયા રાજ્યમાં થયું હતું?
(1) મેઘાલય
(2) ઉત્તરાખંડ
(3) કેરલ
(4) ગોવા

62. ICC ચેમ્પિયન્સ ટ્રોફી-2025માં કયા દેશની ક્રિકેટ ટીમ ચેમ્પિયન બની છે?
(1) ભારત
(2) ઓસ્ટ્રેલિયા
(3) ન્યુઝીલેન્ડ
(4) દક્ષિણ આફ્રિકા

63. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જામનગર ખાતે કયા વન્યજીવન પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું?
(1) વનમાલા
(2) વનરાજી
(3) વન્યારણ
(4) વનતારા



PariksaPath · pariksapath.in

64. BIMSTEC (બીમસ્ટેક) એ બંગાળની ખાડીમાં વસતા કેટલા દેશોનું સંગઠન છે?
(1) 08
(2) 09
(3) 06
(4) 07

65. વર્ષ 2025માં કઈ ફિલ્મને સૌથી વધુ 5 ઓસ્કર એવોર્ડ મળ્યા છે?
(1) ઓપનહેમર
(2) ડ્યુન
(3) કોન્કલેવ
(4) અનોરા

66. ગુજરાતમાં કયા સ્થળે એશિયાના સૌ પ્રથમ 'આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમ'ની સ્થાપના કરવામાં આવી છે ?
(1) વડનગર
(2) વીસનગર
(3) ધોળાવીરા
(4) લોથલ

67. તાજેતરમાં 'તમીમ બિન હમાદ અલ થાની' ભારતની મુલાકાતે આવ્યા હતા. તેઓ કયા દેશના અમીર (રાજા) છે?
(1) સાઉદી અરેબિયા
(2) બહેરીન
(3) યુ.એ.ઈ.
(4) કતાર

68. કોકબોરોક એ ભારતના કયા રાજ્યની સત્તાવાર ભાષા છે?
(1) હિમાચલ પ્રદેશ
(2) આંધ્ર પ્રદેશ
(3) ઝારખંડ
(4) ત્રિપુરા

69. તાજેતરમાં કયુ રાજ્ય 'યુનિફોર્મ સિવિલ કોડ'(UCC) લાગુ કરનાર, આઝાદી બાદ દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે?
(1) ઉત્તર પ્રદેશ
(2) ઉત્તરાખંડ
(3) ગુજરાત
(4) મધ્ય પ્રદેશ

70. તાજેતરમાં CORPAT અને BONGOSAGAR નૌકાદળ કવાયતમાં ભારત સાથે કયો દેશ ભાગ લઇ રહ્યો છે?
(1) ઇન્ડોનેશિયા
(2) બાંગ્લાદેશ
(3) શ્રીલંકા
(4) માલદિવ્સ

**નિર્દેશ: પ્રત્યેક પ્રશ્નના ચાર વિકલ્પો છે. પ્રત્યેક પ્રશ્નનો ફક્ત એક જ જવાબ સાચો છે. એમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને એને ઘાટો કરો.OMR શીટના સંબંધિત વર્તુળને ઘાટું કરો.**

**નીચેની માહિતી પરથી પ્રશ્ન 71 થી 73 ના જવાબ આપો.**

**છ વ્યક્તિઓ A,B,C,D,E અને F ગોળ ટેબલ ફરતે, ટેબલના કેન્દ્ર તરફ મોઢું રાખીને બેઠા છે.**

(i) A એ F ની વચ્ચે C બેઠો છે.
(ii) E ને જમણે એક જગ્યા છોડીને B બેઠો છે.
(iii) F ની ડાબે એક જગ્યા છોડીને D બેઠો છે.

71. ક્યા બે વ્યક્તિઓની વચ્ચે F બેઠો છે?
(1) C અને B
(2) D અને E
(3) C અને D
(4) C અને A

72. ક્યા બે વ્યક્તિઓની વચ્ચે D બેઠો છે?
(1) C અને B
(2) A અને B
(3) F અને B
(4) E અને B

73. A ની જમણી બાજુ કોણ બેઠો છે?
(1) B
(2) D
(3) E
(4) F

74. ગુલાબીનો અર્થ પીળો છે. પીળાનો અર્થ સફેદ છે. સફેદનો અર્થ લાલ છે. લાલનો અર્થ કાળો છે. કાળાનો અર્થ લીલો છે. તો નીચેનામાંથી હળદરનો રંગ કેવો હશે?
(1) સફેદ
(2) ગુલાબી
(3) કાળો
(4) લાલ

75. નીચેનામાંથી ક્યા અંગ્રેજી કેપિટલ મૂળાક્ષરનું જલ પ્રતિબિંબ યથાવત હોતું નથી?
(1) T
(2) X
(3) C
(4) H



PariksaPath · pariksapath.in

76. રમેશ પૂર્વમાં 9 મીટર ગયો, ત્યાર બાદ તે દક્ષિણમાં 12 મીટર ચાલ્યો. હવે તે તેનાં પ્રારંભિક સ્થળથી કેટલા મીટર દૂર હશે?
(1) 15 મીટર
(2) 21 મીટર
(3) 12 મીટર
(4) 13 મીટર

77. જો K = 11 અને JASMINE = 71 હોય તો, ESTIMATE = ?
(1) 93
(2) 78
(3) 86
(4) 92

78. વિધાન :
ભારતનું અર્થતંત્ર મુખ્યત્વે ખેતી પર નિર્ભર છે.
તારણ :
(A) ભારતીય અર્થતંત્રને સુધારવા માટે ખેતીને પ્રોત્સાહન આપવું જોઈએ.
(B) ભારત આર્થિક સ્થિતિ સુધારવા માટે ખેતીને સુધારવા ઈચ્છે છે.
(1) તારણ (A) કે તારણ (B) પૈકી કોઈપણ વિધાનને અનુસરતું નથી.
(2) તારણ (A) અને (B) બંને વિધાનને અનુસરે છે.
(3) ફક્ત તારણ (A) વિધાનને અનુસરે છે.
(4) ફક્ત તારણ (B) વિધાનને અનુસરે છે.

79. અંગ્રેજી મૂળાક્ષર પ્રમાણે, UNDERTAKINGને ગોઠવવામાં આવે તો મધ્યમાં કયો મૂળાક્ષર આવે?
(1) K
(2) N
(3) G
(4) I

80. જો A → +, B → −, C → ×, D → ÷ તો, 5C5D5A5B5 = ?
(1) 10
(2) 15
(3) 0
(4) 5

81. વૃક્ષોની એક હરોળમાં લીમડાના વૃક્ષનો ક્રમ બંને બાજુથી 11 મો છે, તો હરોળમાં કેટલાં વૃક્ષો હશે?
(1) 21
(2) 22
(3) 19
(4) 20

82. નિવેદન :
ઉનાળા દરમિયાન પ્રદૂષિત પાણી પીવાથી દર વર્ષે મોટી સંખ્યામાં લોકો મૃત્યુ પામે છે.
કાર્યવાહી :
(I) સરકારે તમામ નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવાની પૂરતી વ્યવસ્થા કરવી જોઈએ.
(II) લોકોને પ્રદૂષિત પાણી પીવાનાં જોખમો વિશે જાગૃત કરવા જોઈએ.
(1) કાર્યવાહી (I) અને (II) બંને અનુસરણ કરે છે.
(2) કાર્યવાહી (I) અને (II) બંનેમાંથી એકપણ અનુસરણ કરતી નથી.
(3) ફક્ત કાર્યવાહી (I) અનુસરણ કરે છે.
(4) ફક્ત કાર્યવાહી (II) અનુસરણ કરે છે.

83. જો PALEની સંજ્ઞા 2134 હોય, EARTHની સંજ્ઞા 41590 હોય તો, આ સંજ્ઞામાં PEARL કઈ રીતે લખાય?
(1) 24153
(2) 24513
(3) 25143
(4) 35142

84. કથન :
J = B, B < E, E > L, L = K
નિષ્કર્ષ :
(I) E = K
(II) E > K
(1) નિષ્કર્ષ (I) અને (II) બંને સાચા છે.
(2) નિષ્કર્ષ (I) અને (II) બંને ખોટાં છે.
(3) ફક્ત નિષ્કર્ષ (I) સાચું છે.
(4) ફક્ત નિષ્કર્ષ (II) સાચું છે.

85. નીચેનામાંથી કયું વર્ષ અલગ પડે છે?
(1) 1996
(2) 2022
(3) 2023
(4) 2004



PariksaPath · pariksapath.in

86. એક છોકરાને જોઇને મીનાએ કહ્યું, " તે મારા સસરાના એક માત્ર પુત્રનો પુત્ર છે." તો એ છોકરાનો મીના સાથે શો સંબંધ થાય?

(1) પૌત્ર
(2) ભત્રીજો
(3) ભાણેજ
(4) પુત્ર

87. **કથન :**
અમુક બેગ પાકીટ છે.
અમુક પાકીટ ટ્રોલી છે.
**તારણ :**
(A) અમુક બેગ ટ્રોલી છે.
(B) બધા પાકીટ ટ્રોલી છે.

(1) **તારણ (A)** અને **(B)** બંને અનુસરે છે.
(2) **તારણ (A)** અને **(B)** બંનેમાંથી કોઈ અનુસરતું નથી.
(3) ફક્ત **તારણ (A)** અનુસરે છે.
(4) ફક્ત **તારણ (B)** અનુસરે છે.



88. કેપ્ટન અને સૈનિકોનું 2560 લોકોનું જૂથ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યું છે. દરેક 15 સૈનિકો માટે એક કેપ્ટન છે. ગ્રુપમાં કેપ્ટનની સંખ્યા કેટલી હશે?

(1) 160
(2) 170
(3) 120
(4) 150

89. નીચેના અંગ્રેજી મૂળાક્ષરોનાં જૂથમાંથી કયુ જૂથ અલગ પડે છે?

(1) NPK
(2) FHD
(3) LNJ
(4) RTP

90. કોઈ એક વર્ષમાં સ્વાતંત્ર્ય દિવસ સોમવારે હોય તો, તે જ વર્ષે 17મી સપ્ટેમ્બરના રોજ કયો વાર હશે?

(1) શુક્રવાર
(2) ગુરુવાર
(3) રવિવાર
(4) શનિવાર

91. નીચે આપેલ શ્રેણીમાં પ્રશ્નાર્થની જગ્યાએ કઈ સંખ્યા આવે ?

3, 10, 32, ? , 301, 908

(1) 31
(2) 301
(3) 10
(4) 99

92. પ્રાણી સંગ્રહાલયમાં કેટલાંક સિંહ અને બતક છે. તેમનાં માથાંની કુલ સંખ્યા 192 છે. તો કુલ સિંહની સંખ્યા શોધો.

(1) 40
(2) 44
(3) 30
(4) 36

93. મારી સાસુ અને તમારી સાસુ માં-દીકરી થાય છે. તો મારી અને તમારી વચ્ચે શો સંબંધ છે?

(1) પુત્રવધૂ – સસરા
(2) સાસુ – નણંદોઈ
(3) નણંદ - સાસુ
(4) જમાઈ – નણંદ

94. નીચેનામાંથી ક્યા અંગ્રેજી કેપિટલ મૂળાક્ષર સામે અરીસો રાખવામાં આવે તો, પ્રતિબિંબમાં કોઈ ફેરફાર થશે નહિ?

(1) J
(2) F
(3) B
(4) X



PariksaPath · pariksapath.in

95. એક વિદ્યાર્થીએ સાચા જવાબ આપ્યા કરતાં બમણા જવાબ ખોટા આપ્યા. જો તેને કુલ 45 જવાબ આપ્યા હોય તો સાચા જવાબની સંખ્યા શોધો.

(1) 25
(2) 30
(3) 10
(4) 15

96. કથન :
કોઈ પણ ખેતર ઘર નથી.
બધાં ખેતર બગીચા છે.
નિષ્કર્ષ :
(i) કોઈ પણ ઘર ખેતર નથી.
(ii) અમુક ઘર ખેતર છે.
(iii) અમુક બગીચા ખેતર છે.

(1) ફક્ત નિષ્કર્ષ (ii) અને (iii) અનુસરે છે.
(2) નિષ્કર્ષ (i), (ii) અને (iii) અનુસરે છે.
(3) ફક્ત નિષ્કર્ષ (i) અને (iii) અનુસરે છે.
(4) ફક્ત નિષ્કર્ષ (i) અને (ii) અનુસરે છે.

97. જો 2-જાન્યુઆરી 2009ના રોજ બુધવાર હોય તો, 3-જાન્યુઆરી 2010ના રોજ કયો વાર હશે?

(1) મંગળવાર
(2) ગુરુવાર
(3) શુક્રવાર
(4) બુધવાર

98. ઘડિયાળમાં ક્યા સમયે કલાક અને મિનિટ કાંટો એકબીજા સાથે એક જ વખત ભેગા થશે?

(1) 8 થી 10
(2) 11 થી 1
(3) 3 થી 5
(4) 6 થી 8

99. A, B, C, D, E અને F નામના 6 લોકો એક હરોળમાં ઉભા છે. C અને D ની વચ્ચે કોઈ નથી. D ની બાજુમાં F છે.
F અને A ની વચ્ચે B છે. D અને E ની વચ્ચે C છે. તો બંને છેડા ઉપર ક્યાં બે લોકો હશે?

(1) A અને E
(2) E અને B
(3) F અને A
(4) A અને C

100. વિધાન :
તાજેતરમાં સર્વેક્ષણ અહેવાલમાં, એવું જણાવવામાં આવ્યું છે કે જેઓ દિવસમાં ઓછામાં ઓછા અડધો કલાક શારીરિક વ્યાયામ કરે છે. તેઓને હૃદયની કોઈ બિમારી થવાની સંભાવના ઓછી હોય છે.

તારણ :
(A) સ્વસ્થ જીવન જીવવા માટે મધ્યમ સ્તરની શારીરિક કસરત જરુરી છે.
(B) બધા લોકો જે બેઠાડું નોકરી કરે છે, તેઓ ચોક્કસપણે હૃદયની બીમારીઓથી પીડાય છે.

(1) તારણ (A) કે તારણ (B) પૈકી કોઈપણ વિધાનને અનુસરતું નથી.
(2) તારણ (A) અને (B) બંને વિધાનને અનુસરે છે.
(3) ફક્ત તારણ (A) વિધાનને અનુસરે છે.
(4) ફક્ત તારણ (B) વિધાનને અનુસરે છે.



PariksaPath · pariksapath.in